# મહાનગરના પાંચમા મેયર પદે હિતેષ મકવાણા

## ડે. મેયર તરીકે પ્રેમલસિંહ ગોલ અને સ્થાયી સમિતિના ચેરમેન તરીકે જસવંતભાઈ પટેલ સર્વાનુમતે વરાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાના પાંચમા મેયર તરીકે ભાજપના હિતેષ પૂનમભાઈ મકવાણાની વરણી કરવામાં આવી છે. ડે. મેયર તરીકે પ્રેમલસિંહ ગોલ અને સ્થાયી સમિતિના ચેરમેન તરીકે જસવંતભાઈ પટેલની વરણી કરાઈ છે.

આજે મનપાના સભાખંડમાં મળેલ પ્રથમ સામાન્ય સભામાં મેયર તરીકે ભાજપના હિતેષભાઈ મકવાણા સામે વિપક્ષમાંથી આપના તુષાર પરીખે ઉમેદવારી નોંધાવી હતી. ૧૧.૪૯ મિનિટે ૪૧ વિરૂદ્ધ ૩ મતે હિતેષ મકવાણાને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ પ્રથમ બેઠકમાં હિતેષ મકવાણાને વિજય જાહેર કરાયા બાદ કમિશનર ડૉ. ધવલ પટેલે તેમને સભાના અધ્યક્ષ તરીકેનો ચાર્જ સંભાળવા કહ્યુ હતુ. તેઓ તેમના સ્થાનેથી ઉભા થઈ સૌ સભ્યો અને ઉપસ્થિત પ્રેક્ષકોનું અભિવાદન ઝીલી કાઉન્સીલરો સાથે હસ્તધૂનન કરતા કરતા અધ્યક્ષસ્થાને પહોંચ્યા હતા.





તેમણે અધ્યક્ષપદ સંભાળ્યા પછી સૌનો આભાર માની એજન્ડા પ્રમાણે ડે. મેયરની ચૂંટણી હાથ ધરી હતી.

ડે. મેયર તરીકે ભાજપમાંથી પ્રેમલસિંહ ગોલના નામની દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. તેમની એક માત્ર દરખાસ્ત હોવાથી તેઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ૧૨.૫૨ મિનિટે તેમણે પણ ડે. મેયર તરીકે સભાના અધ્યક્ષની બાજુમાં સ્થાન લીધુ હતુ.





આ પછી સ્થાયી સમિતિના ૧૨ સભ્યોની ચૂંટણી હાથ ધરવામાં આવી હતી અને તેમાં પણ માત્ર ભાજપ તરફથી જ દરખાસ્ત રજુ થઈ હતી જેનો સભાગૃહે સ્વીકાર કર્યો હતો.

સ્થાયી સમિતિના સભ્યોની ચૂંટણી થયા પછી સ્થાયી સમિતિની બેઠક મળી હતી જેમાં ચેરમેન તરીકે જસવંતભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ભાજપ તરફથી આજે નિમાયેલા પ્રભારી મોહનભાઈ પટેલ અને અમીતભાઈ ઠાકર પક્ષના પ્રદેશ કાર્યાલયમાંથી બંધ કવર લઈ આવી પહોંચ્યા હતા અને સભ્યોને મળ્યા હતા.

સભાની શરૂઆત વંદેમાતરમ્ ગાનથી થઈ હતી. જેવી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવાની જાહેરાત કરાઈ ત્યારે ઘણા બધા લોકોએ ઉમેદવારી પત્રની માંગણી કરી હતી પરંતુ આ વેળાએ પક્ષના મહામંત્રી કનુભાઈ દેસાઈ ગૃહમાં આવી ગૌરાંગભાઈ વ્યાસને ઈશારો કરી કંઈક સમજાવ્યુ હતુ. આ પછી તુરત જ શહેર એકમ તરફથી પક્ષના સત્તાવાર ઉમેદવાર તરીકે હિતેષભાઈ મકવાણાના નામની જાહેરાત કરાઈ હતી.

આપ તરફથી તુષાર પરીખે ઉમેદવારી નોંધાવી હતી જેને કોંગ્રેસના બન્ને કાઉન્સીલરો ગજેન્દ્રસિંહ વાઘેલા અને અંકિત બારોટે સમર્થન કર્યુ હતુ.



પ્રથમ મેયરની ચૂંટણી પર મતદાન કરવામાં આવ્યુ હતુ. તુષાર પરીખનું નામ પહેલુ હોવાથી તેમની દરખાસ્ત પર વિચારણા કરાઈ હતી. તેમના નામને ૩ સભ્યોએ ટેકો જાહેર કર્યો હતો. આ પછી હિતેષ મકવાણાના નામની દરખાસ્ત પર મતદાન થયુ હતુ. મતદાનની આ પ્રક્રિયાની ફોટોગ્રાફી અને વિડીયો ગ્રાફી કરાઈ હતી. અંતે કમિશનરે હિતેષ મકવાણાની તરફેણમાં ૪૧ મત પડ્યાનું જણાવી તેમને ચૂંટાયેલા જાહેર કરાયા હતા.

---

### હોદ્દેદારોમાં ગ્રામ્ય વિસ્તાર છવાયેલો રહ્યો...

## બે મહિલા કાઉન્સીલરોને હોદ્દા અપાયા : સ્થાયી સમિતિમાં ૭ પુરૂષ અને પાંચ મહિલાઓનો સમાવેશ

*ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ નવા વરાયેલા હોદ્દેદારો નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાંથી પ્રતિનિધિ તરીકે ચૂંટાઈને આવેલા છે.*

- હિતેષભાઈ મકવાણા વોર્ડ નં. ૮ માંથી ચૂંટાઈ આવ્યા છે. તો ડે. મેયર પ્રેમલસિંહ ગોલ વોર્ડ નં. ૭ માંથી ચૂંટાઈને આવ્યા છે. સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ વોર્ડ નં. ૧૧ માંથી ચૂંટાઈને આવ્યા છે. પક્ષના નેતા પારૂલબેન ઠાકોર વોર્ડ નં. ૨ માંથી અને દંડક તેજલબેન નાયી વોર્ડ નં. ૧૦ માંથી ચૂંટાઈ આવ્યા છે.
- હિતેષભાઈ મકવાણાનું વતન જાખોરા છે તો પ્રેમલસિંહ ગોલ વાવોલના છે. જશુભાઈ પટેલ ભાટના વતની છે. પારૂલબેન ઠાકોર પેથાપુરના છે તો તેજલબેન નાઈ કોબાના છે.
- આજે મનપાના પૂર્વ ચારેય મેયરો મહેન્દ્રસિંહ રાણા, પ્રવિણભાઈ પટેલ, હંસાબેન મોદી અને રીટાબેન પટેલે નવા વરાયેલા હોદ્દેદારોને અભિનંદન આપ્યા હતા.
- મેયર તરીકે ચૂંટાઈને આવ્યા બાદ હિતેષભાઈ મકવાણા મેયરની ચેમ્બરમાં જતા હતા ત્યારે પ્રભારી અમીતભાઈ ઠાકોરે કેસરી શાલ ઓઢાડી તેમનું સન્માન કર્યુ હતુ.
- સભાખંડમાં હિતેષભાઈ મકવાણા પહેલા પ્રવેશ્યા હતા તો પ્રેમલસિંહ ગોલ કંકુતિલક કરી આવ્યા હતા.
- સેવાસદન ખાતે ભાજપના હોદ્દેદારોની વિધિવત્ ઘોષણા થતાં બેન્ડવાજા વાગ્યા હતા અને ભારત માતા કી જય નો જયઘોષ કાર્યરોએ કરી વાતાવરણ ગજવ્યું હતું.
- નવા ચૂંટાયેલા હોદ્દેદારોને પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ ઉપરાંત પૂર્વ ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, નાઝાભાઈ ઘાંઘરે પણ અભિનંદન આપ્યા હતા. મહિલા પાંખના દિવ્યાબેન સહિત મહિલા કાર્યકરોએ પણ અભિનંદનની વર્ષા નવનિયુક્ત હોદ્દેદારો પર કરી હતી.
- ગાંધીનગર મનપા પક્ષના નેતા અને દંડક તરીકે મહિલા કાઉન્સીલરોની કરાયેલી નિમણુંકે સૌને ચોંકાવ્યા હતા. ભાજપે બે મહિલાઓને હોદ્દા આપ્યા છે. તેની ૨૨ મહિલાઓ વિજયી થયેલ છે.
- સ્થાયી સમિતિના ૧૨ સભ્યોમાંથી સાત પુરૂષ સભ્યો છે અને પાંચ મહિલા સભ્યો છે.
- સભાખંડમાં દરેક કાઉન્સીલરના ટેબલ પર માસ્ક, સેનેટાઈઝરની બોટલ, વંદેમાતરમ્‌ની ખાસ પ્રિન્ટ તેમજ મતદાનની પદ્ધતિની સમજ આપતી નોંધ મુકવામાં આવી હતી.

**મનપાની પ્રથમ સામાન્ય સભાની સાથે સાથે**



---

## મનપા પાંખના નેતા તરીકે પારૂલબેન અને દંડક તરીકે તેજલબેનની નિયુક્તી

મહાનગરપાલિકાની ચૂંટાયેલી પાંખના નેતા તરીકે પેથાપુરના પારૂલબેન ભૂપતજી ઠાકોર અને દંડક તરીકે તેજલબેન યોગેશભાઈ નાઈની નિમણુંક કરવામાં આવી હોવાની જાહેરાત સભાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ શહેર પ્રમુખ રૂચિર ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં જે સભ્યોની નિમણુંક કરવામાં આવી છે તેમાં જસવંતલાલ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ(દાસ), સોનાલીબેન પટેલ, સોનલબા વાઘેલા, દિપ્તીબેન પટેલ, દક્ષાબેન મકવાણા, કિંજલભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ, સંકેત પંચાસરા, પદમસિંહ ચૌહાણ અને અંજનાબેન મહેતાનો સમાવેશ થાય છે. સ્થાયી સમિતિમાં મહેન્દ્રભાઈ પટેલ (દાસ) તેમજ પદમસિંહ ચૌહાણ સંગઠ્ઠનમાં કામ કરી ચુક્યા છે. સ્થાયી સમિતિમાં ૮ પટેલોને સ્થાન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત બે ક્ષત્રિય સભ્યો એક ઓ.બી.સી. તેમજ એક બ્રહ્મસમાજના સભ્યને સ્થાન અપાયુ છે.



---

## ૨૨ થી ૨૪ ઓક્ટોબર દરમિયાન ગાંધીનગર જિલ્લા ભાજપની પ્રશિક્ષણ વર્ગ અંબાજી ખાતે યોજાશે

### દહેગામ, કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકા મંડલના અપેક્ષિત હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે તા. ૨૨ થી ૨૪ ઓક્ટોબર દરમ્યાન ગાંધીનગર જિલ્લા ભાજપાનો પ્રશિક્ષણ વર્ગ અંબાજી ખાતે યોજાશે. જેમાં દહેગામ, કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકા મંડલના અપેક્ષિત હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષ અનિલભાઈ પટેલે આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે ભાજપા એ કેડર બેઝ પાર્ટી છે અને 'વ્યક્તિ સે બડા દલ અને દલ સે બડા દેશ'ના અભિગમ સાથે દેશ અને રાષ્ટ્ર સેવામાં રાજકીય ક્ષેત્રે કાર્યરત છે. રાષ્ટ્ર સેવામાં સમર્પિતતાના ભાવથી અને સત્તાના માધ્યમથી સેવાના કાર્યો અંતિમ પંક્તિના દરિદ્રનારાયણ સુધી પહોંચાડે તે પ્રકારના કાર્યકર્તાઓના ઘડતર અને તાલીમ માટે ભાજપા દ્વારા સમયાંતરે આ પ્રકારે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવે છે. આ સંદર્ભમાં જ અંબાજી ખાતે ૨૨ થી ૨૪ ઓક્ટોબર દરમ્યાન ત્રિદિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવેલ છે.

પટેલે ઉમેર્યુ હતુ કે કાર્યકર્તાઓ સતત પાંગરતા રહીને, ઉચ્ચ ક્ષમતાઓની સ્થિતિ પ્રાપ્ત કરે, રાષ્ટ્ર અને સમાજ પ્રત્યે તેના પરમ કર્તવ્યથી વાકેફ બને તથા કોઈપણ સ્થિતિમાં પડકારને પહોંચી વળવા પદ્ધતિસર, સંકલિત અને નિયમાંકિત તૈયારી માટે આ પ્રશિક્ષણ વર્ગ મદદરૂપ બનતી હોય છે. તેઓએ કહ્યું હતું કે કાર્યકર્તાઓએ જનપ્રતિનિધિઓ અને મતદારો વચ્ચેની અમૂલ્ય કડી છે.

---

## પેરાલિમ્પિક વિજેતા ભાવિના પટેલનું રાજ્ય સરકાર દ્વારા ૩ કરોડના રોકડ પુરસ્કારથી વિશેષ સન્માન

ટોકયો પેરાલિમ્પિક્સમાં-૨૦૨૦ ટેબલ ટેનિસની સ્પર્ધામાં દેશનું ગૌરવ વધારનાર અને ઈતિહાસ રચનાર ગુજરાતી ખેલાડી ભાવિના પટેલને ગુજરાત રાજ્ય સરકાર તરફથી ત્રણ કરોડ રૂપિયાનો ચેક આપીને વિશેષ સન્માન કર્યું હતું.

રમતગમત મંત્રી હર્ષભાઈ સંઘવીએ તેમના ઘેર જઈને ભાવિના પટેલને શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. અને રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ ખેલ પ્રતિભા એવોર્ડ અંતર્ગત જાહેર કરાયેલ રૂ. ૩ કરોડનો ચેક એનાયત કર્યો હતો.

આ પ્રસંગે રમત-ગમત મંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે અમદાવાદની ગુજરાતની દીકરીએ ટેબલ ટેનિસની વિશેષ ટ્રેનિંગ લઈને સમગ્ર દુનિયાભરમાં આજે દેશનું નામ રોશન કર્યું છે અને ઈતિહાસ રચ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે કોઈ દિવ્યાંગ મહિલા ખેલાડીએ ટેબલ ટેનિસમાં મેડલ જીત્યો હોય તેવું પ્રથમવાર બન્યું છે. કોરોના સમયમાં પોતાના ઘરની અંદર જ ટેબલ ટેનિસની પ્રેકટિસ કરીને ટોક્યો પેરાઓલમ્પિકમાં જઈને દુનિયાભરમાંથી આવેલા ખેલાડીઓ સામે વિજય પ્રાપ્ત કરી આપણા દેશને સિલ્વર મેડલ અપાવ્યો છે. તે આપણા સૌ માટે ગર્વ અને ગૌરવની વાત છે.

---

## જીટીયુ ખાતે 'આઝાદીકા અમૃત મહોત્સવ' અંતર્ગત ફ્રીડમ રન યોજાઈ

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે 'આઝાદીકા અમૃત મહોત્સવ' અંતર્ગત અને "આઝાદ હીંદ સરકાર દિવસ" નિમિત્તે "ફ્રીડમ દોડ" યોજાઈ હતી. શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આઝાદીનો આ મહોત્સવ એ કોઈ ઉજવણી નથી પરંતુ સમગ્ર દેશના નાગરિકો એકબીજા સાથે પરસ્પર રીતે જોડાય, ભારતીય પરંપરાગત. સંસ્કૃતિ સંસ્કાર અને મૂલ્યો વિશે જાણે - સમજે તે માટે છે. આપણને મળેલી આઝાદી ખૂબ બહુમૂલ્ય છે. આપણા ક્રાંતિવીરો અને આપણા લડવૈયાઓ થકી જ આજે આપણે એક ભારત અને શ્રેષ્ઠ ભારતમાં આઝાદીથી શ્વાસ લઈ શકીએ છીએ.

---

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૧૧/૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફો.નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા જિલ્લા પંચાયત બિલ્ડીંગના સફાઈના કામ જેની અંદાજીત કિંમત ૧૧.૧૫ લાખ થવા જાય છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૫/૧૦/૨૦૧ થી ૧૦/૧૧/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૩૯૫/૨૦૨૧

